



# બગલામુખી પૂજા... યજ્ઞ... હવન... હોમ... કરવાથી ધારેલાં કાર્યો સફળ થાય છે!

**'બગલામુખી જયંતી' 15મે 2024, વૈશાખ સુદ આઠમના દિવસે છે. આ દિવસે 'દુર્ગાષ્ટમી' પણ છે.**

# બગલામુખી કવચ... તાવીજ... ધારણ કરવાથી શું લાભ થાય છે?

જડી બુટ્ટી
નજુમી

બગલામુખી પ્રત્યંગિરા કવચમાં દેવી બગલામુખીની અસીમિત શક્તિ છે. તેને ધારણ કરવાથી જીવનની સમસ્યાઓથી તરત રાહત મળે છે. જો તમોને શત્રુ નુકસાન પહોંચાડી રહ્યો હોય અથવા જીવનના દરેક ક્ષેત્રમાં અસફળતા અને નિરાશા મળતી હોય તો બગલામુખી પ્રત્યંગિરા કવચ તમારા માટે સર્વશ્રેષ્ઠ છે.

» પ્રત્યંગિરા કવચ ધારણ કરવાથી લાભ
» દુશ્મનો અને નકારાત્મક ઊર્જાઓથી રક્ષણ કરે છે.
» જીવનના દરેક ક્ષેત્રમાં હરીફો અને શત્રુઓને હરાવવામાં મદદ કરે છે.
» નજરદોષ અને નકારાત્મક ઊર્જાઓના બધા ખરાબ પ્રભાવોને દૂર કરે છે.
» વેપારમાં આવતી બધી પરેશાનીઓ, અવરોધોને દૂર કરવાની સાથે સાથે કેરિયરમાં પ્રગતિ કરાવે છે.
» સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ સફળતા મળે છે.
» કાનૂની વિવાદો અને કોર્ટ કચેરીના મામલાઓમાં પણ વિજય પ્રાપ્ત થાય છે.
» અકાળ મૃત્યુ અને દુર્ઘટનાઓનો ભય નથી રહેતો.
» ઘર, વેપાર અને કાર્યસ્થળ પર ધનસમૃદ્ધિ અને બરકત જળવાઈ રહે છે.
» જાદુ-ટુચકા અને તાંત્રિક ક્રિયાઓના પ્રભાવોનું શમન થાય છે.
» બગલામુખી પ્રત્યંગિરા કવચને દેવી બગલામુખીના 75,000 મંત્રો દ્વારા સિદ્ધ કરવામાં આવે છે. આ કવચને પંચધાતુમાં બનાવવામાં આવે છે.


### કવચ ધારણ કરનાર માટે સાવધાની શું છે?

» કવચ ધારણ કરનારે માંસ-મદિરાના સેવનથી બચવું.
» જો તમે કોઇ શબયાત્રામાં જતાં હો તો કવચને ઉતારીને જવું અને સ્નાન વગેરેથી પરવાર્યા બાદ ફરીથી ધારણ કરવું.
» નવજાત શિશુને મળવા જતાં સમયે કવચને ઉતારીને જવું.
» આ ઉપરાંત સિદ્ધ બગલામુખી દેવી તાવીજ, મા બગલામુખી લોકેટ વગેરે શુભ, સિદ્ધ મુહૂર્તમાં ચૈતન્ય કરવામાં આવે છે. ત્યાર બાદ બગલામુખી દેવીનું હવન થાય તો તે હવનની ભસ્મ આ તાવીજમાં ભરવામાં આવે છે.

### બગલામુખી તાવીજ પહેરવાના ફાયદા

» તાવીજમાં બગલામુખીની અસીમ શક્તિ રહેલી હોય છે. કુટુંબ પરિવારમાં ઉત્પન્ન થયેલી સમસ્યાઓને દૂર કરી શાંતિની સ્થાપના કરે છે. કાનૂની સમસ્યાઓ... જેવી કે ખોટા કેસમાં ફસાઈ જવું, પ્રોપર્ટી વિવાદ વગેરેથી મુક્તિ મળે છે. લાંબા સમયથી ચાલી રહેલી બીમારી, દવાની અસર ના થવી વગેરે સ્વાસ્થ્ય આરોગ્યની સમસ્યાઓ સમાપ્ત થાય છે.
» જો તમને શત્રુ નુકસાન પહોંચડતો હોય અથવા જીવનના દરેક ક્ષેત્રમાં અસફળતા અને નિરાશા મળતી હોય તો સિદ્ધ બગલામુખી તાવીજ તમારા માટે સર્વશ્રેષ્ઠ છે. આ તાવીજમાં આઠમી મહાવિદ્યા બગલામુખીની અસીમ શક્તિનો નિવાસ હોય છે, જે પોતાના ધારકની દરેક બુરાઈમાં રક્ષણ કરે છે. સિદ્ધ બગલામુખી તાવીજને અષ્ટ ધાતુમાં બનાવવામાં આવે છે.
» મા બગલામુખી દેવીના વિશેષ દુર્લભતમ મંત્ર-તંત્ર-યજ્ઞ
» પીળાં વસ્ત્રોમાં બગલામુખીના નીચે મુજબના મંત્રો છે, જે વાંચવાથી દુનિયાની કોઇ શક્તિ તમને પરાજિત નહીં કરી શકે.
» 36 અક્ષરના બગલામુખી મંત્રથી બધા કામ્ય પ્રયોગો સંપન્ન કરી શકાય છે. જેમ કે..
» મધ, ખાંડ, (સાકર)વાળા તલોથી હોમ કરવાથી મનુષ્ય વશમાં થાય છે.
» મધ, ઘી તથા સાકરવાળું લવણથી હોમ કરવાથી આકર્ષણ થાય છે.
» તેલવાળાં લીમડાનાં પાનથી હોમ કરવાથી વિદ્વાન બને છે.
» હરિતાલ, મીઠું તથા હળદરથી હોમ કરવાથી શત્રુઓનું સ્તમ્ભન થાય છે.
» ભયનાશક મંત્ર: ૐ હ્રીં હ્રીં હ્રીં બગલે સર્વ ભયં હર. પીળા રંગનાં વસ્ત્ર અને હળદરની ગાંઠ દેવીને અર્પણ કરવું. ફૂલ, ચોખા,ધૂપ, દીપથી પૂજા કરવી. રુદ્રાક્ષની માળાથી 6 માળા મંત્રજપ કરવા. દક્ષિણ દિશા બાજુ મુખ રાખવું.
» ૐ બગલામુખી દેવ્યૈ હલીં હ્રીં શત્રુનાશં કુરુ. નાળિયેરને કાળાં વસ્ત્રોમાં વીંટીને બગલામુખી દેવીને અર્પણ કરવું.

## બગલામુખી પ્રત્યંગિરા કવચ




## બગલામુખી દેવી યજ્ઞ તેમ જ યજ્ઞથી લાભ:

યંત્ર-મંત્ર-તંત્ર
યજ્ઞેશ ત્રિવેદી

દુષ્ટ વ્યક્તિઓ.. આત્માએ અને યક્ષણીથી બચવા... પરેશાનીઓથી મુક્તિ માટે... માતા ભગવતી બગલામુખી શત્રુઓને મૂર્છિત કરી દે છે. (તેની મૂર્તિ બનાવી દે છે) અને તેને અચલ કરી શકો છો. માની લો કે શત્રુ પથ્થર બની ગયા હોય ! બગલા મુખી દેવી 10 તાંત્રિક દેવીઓ એટલે કે 10 મહાવિદ્યાઓમાંથી 8મી છે.



### બગલામુખી માતાની પૂજા કેમ કરવામાં આવે છે?

બગલામુખીની પૂજા 'શક્તિ' અને 'વિજય' માટે કરવામાં આવે છે. તે કટ, નિશાન, ઓપરેશન અને દુર્ઘટનાઓમાંથી રક્ષણ આપે છે અને દુશ્મનો પર પ્રભુત્વ રાખે છે. તે મુકદ્દમા (કોર્ટ-કેસો) અને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવવા માટે મદદ કરે છે.

બગલામુખીય યજ્ઞ - દુષ્ટ વ્યક્તિઓ, આત્માઓ અને યક્ષણીના પ્રભાવને ખતમ કરવા માટે લાભકારક હોય છે. આ યજ્ઞ પૂરો થયા પછી દેવી બગલામુખી પોતાનાં ભક્તોને જીવનની બધી પરેશાનીઓ સામે લડવાની અને સુખ અને ધનથી ભરપૂર જીવન જીવવાની શક્તિ આપે છે. ભક્તના શત્રુઓનો પણ નાશ થઇ જાય છે અને કોઇ પણ ખરાબ શક્તિઓ ભક્તની આસપાસ ભટકતી નથી.

બગલામુખીનો અર્થ છે: 'ક્રેન-હેડેડ વન'.

### બગલામુખી યજ્ઞનું મહત્વ

બગલામુખી યજ્ઞની પૂજા કરવાથી કાનૂની મામલામાં જીત, કોર્ટમાં મુકદ્દમો ચાલતો હોય તો તેમાં જીત, ઘણો સારો વ્યવસાય, ઋણમુક્તિ, સમૃદ્ધિ, મનની શાંતિ, શક્તિ, જીત અને સ્પર્ધાત્મકતામાં સફળતા માટે આદર્શ છે.

વિદેશયાત્રા સમસ્યા માટે બગલામુખી પૂજા (બગલામુખી પૂજા ફોર ગોઈંગ એબ્રોડ'

વિદેશ જવું મોટા ભાગનાં લોકોનું સપનું હોય છે. પરંતુ અનેક પ્રયાસો બાદ પણ કેટલીયે વાર વિદેશયાત્રાનો યોગ બનતો નથી. કેરિયર, નોકરી, ઉચ્ચ શિક્ષણ, વેપાર, ફરવું વગેરે વિદેશયાત્રાનો ઉદ્દેશ હોય છે. પરંતુ તે ક્યારેય સાર્થક થતું નથી. કુંડલીમાં રહેલા નબળા ગ્રહો કે ગ્રહદોષ, નકારાત્મક શક્તિઓનો પ્રભાવ, જાતકની વિદેશયાત્રામાં ધનની ઊણપ, કાગળની પ્રક્રિયાઓમાં ઉલઝનો કે વિદેશયાત્રાનો યોગ ના બનવો વગેરે સમસ્યાઓ ઊભી કરે છે. જ્યારે આ મુશ્કેલીઓ દૂર કરવા બધા જ ઉપાય સફળ ના થાય ત્યારે તે સમયે વિદેશયાત્રાની સમસ્યાઓ હેતુ બગલામુખી પૂજા-હવન અમોઘ ફળદાયી છે.

### કઇ રીતે સંપન્ન થાય વિદેશયાત્રા સમસ્યાઓ માટે બગલામુખી પૂજા-હવન

જો તમે તમારી વિદેશયાત્રા માર્ગથી વિઘ્નો-અવરોધોથી નિરાકરણ કરવા વિદેશયાત્રા સમસ્યાઓ માટે બગલામુખી પૂજા સંપન્ન કરવા ઇચ્છતાં હો તો અમે અમારા તરફથી આ પૂજાને વૈદિક રીતિ-રિવાજો અનુસાર કરીશું. બગલામુખી પૂજાને જાતકનું નામ, જન્મતિથિ, જન્મ સમય અને ગોત્રના આધારે સમસ્યાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જેનાથી જાતકની મનોકામના શીઘ્ર પૂરી થઇ શકે. વેપાર અથવા કેરિયરમાં વધારા માટે કરવામાં આવેલ વિદેશયાત્રાથી લાભ પ્રાપ્ત થાય છે.

### વિઝાપ્રાપ્તિ માટે બગલામુખી પૂજા

વિદેશ જવાની ઇચ્છા દરેક યુવાનોને હોય છે, જે પોતાનાં સપનાં સાચાં કરવા માટે અનેક પ્રયાસ પણ કરે છે. આ યાત્રાનું લક્ષ. ઉચ્ચ શિક્ષણ, ધન કમાવું, નોકરી, સેટલ થવું વગેરે હોઇ શકે છે. વિદેશ યાત્રામાં ઊભી થયેલી સમસ્યાઓમાં સૌથી મુખ્ય 'વિઝાની સમસ્યા' હોય છે. વિઝા પ્રાપ્તિની સમસ્યાઓ ઊભી કરવા માટે ગ્રહ રાહુ તેમજ અશુભ દોષ વગેરે જવાબદાર હોય છે જેનું વિઝા સમસ્યાઓ માટે બગલામુખી પૂજા દ્વારા નિવારણ કરવામાં આવે છે.

### વિઝાપ્રાપ્તિ માટે બગલામુખી પૂજા-હવનથી લાભ

દેશની બહાર નોકરી અને શિક્ષણ ઇચ્છુક લોકોને વિઝાની પ્રાપ્તિ થાય છે.

વિઝામાં અવરોધરૂપ કાગળની પ્રક્રિયાનું નિવારણ થાય છે.વિઝા માટે ઇન્ટરવ્યુમાં સફળતાના આશીર્વાદ આપે છે. વિદેશ જવામાં વિઘ્ન બનતો 'રાહુ'ના નકારાત્મક પ્રભાવોમાંથી મુક્તિ મળે છે.

નાણાંકીય સ્થિતિમાં વિઝાપ્રાપ્તિમાં રુકાવટનું કારણ નથી બનતું! વિદેશમાં નોકરી કરવા માટે 'વર્કવિઝા' મળવાની શક્યતા વધી જાય છે. ટૂરિસ્ટ વિઝા પ્રાપ્ત કરવામાં પણ મદદરૂપ થાય છે.

વિઝાપ્રાપ્તિ માટે દેવી બગલામુખીનો મંત્ર ૐ હ્રીં બગલામુખી દેવ્યૈ સર્વ દુષ્ટાનામ વાચં મુખં પદમ્ સ્તમ્ભય જિહ્વામ કીલય-કીલય બુદ્ધિમ્ વિનાશય હ્રીં ૐ નમ:

### વિઝા પ્રાપ્તિ માટે બગલા મુખી પૂજા કેવી રીતે સંપન્ન થાય?

વિઝાપ્રાપ્તિ માટે બગલામુખી પૂજા દ્વારા વિદેશયાત્રાના માર્ગમાં ઊભાં થયેલાં વિઘ્નો, અવરોધોનું નિવારણ થાય છે. જો તમે પોતાની વિદેશયાત્રાને સફળ બનાવવા તેમજ 'વિઝા સંબંધિત' સમસ્યાઓ માટે વિઝાપ્રાપ્તિ માટે બગલામુખી પૂજા સંપન્ન કરવા ઇચ્છતા હો તો અમે અમારા તરફથી આ પૂજા સંપન્ન કરાવી શકો છો. આ પૂજાને અનુભવી પંડિતો દ્વારા શાસ્ત્રોમાં વર્ણન કરેલ પરંપરા અનુસાર જાતકનું નામ, જન્મતિથિ, જન્મસમય, સ્થાન અને ગોત્રના આધારે તમારી સમસ્યાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.



# આજે ગંગાપૂજન... ગંગા સપ્તમી... પાપ ધોઇને પુણ્યશાળી બનવાનો સુવર્ણ અવસર

કાળચક્ર
યજ્ઞાનંદ

હિન્દુ પંચાંગ અનુસાર વૈશાખની સાતમની તિથિની શરૂઆત તા. 13 મે, 2024, સાંજે 5:20 પર થશે, જે બીજે દિવસે એટલે કે તા. 14 મે, 2024 સાંજે 6:49 પર આ તિથિનું સમાપન થશે. આ તિથિને 'ગંગા સપ્તમી' કહેવાય છે. આ તિથિમાં ગંગાપૂજન કરવામાં આવે છે. આ દિવસે ગંગોત્પત્તિ, રવિયોગ, રાજયોગ અને સૂર્ય વૃષભ રાશિમાં પ્રવેશ થશે અને સૂર્યગુરુની યુતિ બનશે. સનાતન ધર્મમાં ગંગા સપ્તમી સૌથી શુભ દિવસોમાંથી એક માનવામાં આવે છે. આ દિવસે ભક્તો મા ગંગાની પૂજા કરે છે. એવી માન્યતા છે કે, દેવી ગંગાની પૂજા કરવાથી મન-ઈચ્છિત વરની પ્રાપ્તિ થાય છે. સાથે જ પાપોનો નાશ થાય છે. પૌરાણિક કથાઓ અને માન્યતાઓ અનુસાર આ દિવસે બ્રહ્માજીના કમંડલમાંથી મા ગંગાનો જન્મ થયો હતો.

### ગંગા સપ્તમી પૂજન નિયમ

સવારે સૂર્યોદયથી પહેલાં ઊઠી અને ગંગા નદીમાં પવિત્ર સ્નાન કરવું. દેવીને ફૂલોની માળા અર્પણ કરવી. ઘરમાં બનેલી મીઠાઈનો ભોગ - નૈવેદ્ય ધરાવવું. મા ગંગાની ભવ્ય આરતી કરવી. ગંગા સપ્તમી પર દીપ-દાન અનુષ્ઠાન કરવામાં આવે છે. આ દિવસે પવિત્ર નદીના તટ પર વિશાળ મેળાનું પણ આયોજન કરવામાં આવે છે. ગંગા સપ્તમીના દિવસે 'ગંગા સહસ્ત્ર-નામ સ્તોત્ર' અને 'ગાયત્રી મંત્ર'નો જપ કરવો પણ સૌભાગ્યશાળી માનવામાં આવે છે. આ દિવસે કોઇ પણ પ્રકારની તામસિક ચીજોનું સેવન ના કરવું જોઈએ. આ પર્વ પર વધારે ને વધારે ધાર્મિક કાર્ય કરતાં રહેવું જોઇએ. આ દિવસને શિવજી અને ભગવાન વિષ્ણુની પૂજા માટે ઘણો પવિત્ર માનવામાં આવે છે.


### ગંગા સપ્તમી પૂજન મંત્ર

**ૐ નમો ગંગાયૈ વિશ્વરૂપિણી નારાયણી નમોનમઃ ગંગા ગંગેતિ યો બ્રૂયાત, યોજનાનામ શતૈરપિ| મુચ્યતે સર્વપાપેભ્યો, વિષ્ણુલોકે સ ગચ્છતિ ||**

### ગંગા સપ્તમી પૂજા વિધિ

ગંગા સાતમના દિવસે બ્રહ્મમુહૂર્તમાં ઊઠીને ગંગા સ્નાન કરવું. જો એમ સંભવ ના હોય તો ઘરમાં નહાવાના પાણીમાં ગંગાજળ મિલાવીને સ્નાન કરવું. ત્યાર બાદ મા ગંગાની તસવીર-ફોટા પર કે ગંગા નદીમાં ફૂલ, સિંદુર, અક્ષત (ચોખા), ગુલાલ, લાલ ફૂલ, લાલ ચંદન અર્પણ કરવું. ત્યાર બાદ ઘીનો દીવો પ્રગટાવીને આરતી કરવી. આમ કરવાથી જીવનમાં સુખ અને શાંતિ માટે મા ગંગાને પ્રાર્થના કરવી. ધાર્મિક માન્યતા છે કે ગંગા સાતમના દિવસે ગંગાસ્નાન કરવાથી મનુષ્યને બધાં પાપોમાંથી મુક્તિ મળી જાય છે. બધાં પાપોમાંથી છુટકારો મળવાની સાથે સાથે 'દાન' કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**મા ગંગા મંત્ર: ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી સરસ્વતી |**
**નર્મદે સિન્ધુ કાવેરી જલે અસ્મિન્ સન્નિધિમ્ કુરુ||**
**ગંગા વારિ મનોહારિ મુરારિચરણચ્યુતં |**



**ત્રિપુરારિશિરશ્ચારિ પાપહારિ પુનાતુ માં||**

ગંગા જયંતીના અવસર પર ઘરોમાં ગંગાની પૂજા કરવાનું શુભ માનવામાં આવે છે. ભગવાન વિષ્ણુનાં ચરણ ધોઇને બ્રહ્માજીએ પોતાના કમંડલમાં ભરી લીધું હતું અને પછી આ જળથી ગંગા ઉત્પન્ન થઇ હતી. આ દિવસે વૈશાખ સુદ સપ્તમી (સાતમ) હતી. આ વખતે ગંગા જયંતી 14 મે (આજે) જ છે. માન્યતા છે કે આ શુભ દિવસમાં કરવામાં આવેલા દાન-પુણ્યનું કાર્ય અક્ષય તૃતીયા જેટલું ફળ આપે છે.

### ગંગા સપ્તમી 2024 પૂજા મુહૂર્ત

14મેના રોજ ગંગા સપ્તમીના દિવસે મા ગંગાની પૂજા માટે શુભ મુહૂર્ત ફક્ત પોણા 3 કલાકનું છે.આ દિવસે તમે મા ગંગાની પૂજા સવારે 10 વાગ્યાને 56 મિનિટથી લઇને બપોરે 01 વાગ્યાને 39 મિનિટ વચ્ચે ક્યારેય પણ ગંગા પૂજન કરી શકો છો.

રવિયોગ, પુષ્ય નક્ષત્ર અને વૃદ્ધિયોગમાં થશે: ગંગા પૂજન

ગંગા સાતમના દિવસે 3 શુભ યોગ... રવિયોગ, વૃદ્ધિયોગ, સર્વાર્થ સિદ્ધિ યોગ બની રહ્યો છે. જ્યારે આગળ વધીને પુષ્ય અને આશ્લેષા નક્ષત્ર છે.

14મેએ રવિયોગ: સવારે 05:31 એ.એમ.થી બપોરે 01:05 પી.એમ. સુધી છે. એ જ પ્રમાણે સર્વાર્થ સિદ્ધિ યોગ 01:05 પી.એમ.થી બીજા દિવસે 15મેના રોજ 05:30 એ.એમ. સુધી રહેશે. વૃદ્ધિયોગ સવારે 07:26 એ. એમ.થી આખો દિવસ રહેશે. પુષ્ય નક્ષત્ર વહેલી સવારથી લઇને બપોરે 01:05 પી.એમ. સુધી છે. ત્યાર બાદ આશ્લેષા નક્ષત્ર છે. ગંગા સપ્તમી પર બનનાર 3 યોગ અને 2 નક્ષત્ર શુભ છે.

ગંગાપૂજન સમયમાં 'વૃદ્ધિયોગ' પુણ્યફળમાં વૃદ્ધિ કરે.

રવિયોગ- તમારા બધા દોષો દૂર કરે છે.

સર્વાર્થ સિદ્ધિયોગમાં કરેલું કાર્ય સફળ સિદ્ધ થાય છે.

'પુષ્ય નક્ષત્ર'ને બધા નક્ષત્રોનો રાજા કહેવામાં આવે છે. જેના દેવતા દેવ-ગુરુ બૃહસ્પતિ અને સ્વામી શનિ દેવ છે. પુષ્ય નક્ષત્ર પણ શુભ ફળદાયક માનવામાં આવે છે.

### ગંગા સપ્તમીનું મહત્વ

ગંગા સપ્તમીના દિવસે ગંગામાં સ્નાન કરવાનું અને તેમની પૂજા કરવાથી વ્યક્તિનાં પાપ મટી-દૂર થઇ જાય છે. મા ગંગાના પાવન સ્પર્શથી 'મન' અને 'શરીર' શુદ્ધ થાય છે. મા ગંગા મોક્ષ આપનારી છે. ગંગામાં સ્નાન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

વડોદરા જિલ્લામાં ડભોઇ તાલુકાના ચાણોદ ગામમાં નર્મદા નદી વહે છે. આ પણ સ્નાન અને દર્શન કરવાથી મોક્ષ મળે છે. એટલું જ નહીં, નર્મદા નદીમાં ત્રિવેણી સંગમ ખાતે પિતૃઓનાં પિંડ પધરાવવાથી પિતૃઓને પણ મોક્ષ-સદ્ગતિ મળે છે. અહીં સાતમના દિવસે ગંગા સપ્તમી ઉજવાય છે. કહેવાય છે કે, ગંગા માતા સાક્ષાત્ અહીં નર્મદાને મળવા આવે છે.

